# નવસારી જિલ્લાના ટાંકલમાં બાળકના જન્મના પાંચ જ કલાકમાં આધારકાર્ડ બનાવી દેવાયો!

નવસારી, તા.૨ નવસારી જિલ્લામાં રવિવારે પોલિયોની રસીકરણની સાથે બાળકોનાં આધારકાર્ડ બનાવવાનું પણ આયોજન કલેક્ટર રવિકુમાર અરોરાની આગેવાનીમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પી. એન.કન્નર અને ડો.એસ. જી.જૈન અને ટીમે કર્યું હતું. જોકે, આ આધારકાર્ડ બનાવવામાં એક રેકોર્ડ પણ થઇ ગયો હતો. જેમાં બાળકના જન્મના પાંચ જ કલાકમાં જ આધાર કાર્ડ બની ગયો હતો.

## આધારકાર્ડનું મહત્ત્વ સમજાવવા જ કામગીરી કરાય છેઃ ડો.જૈન

આ બાબતે ડો.જૈને જણાવ્યું કે, આધારકાર્ડ કેટલો મહત્ત્વનો છે અને તે તમામને સહેલાયથી મળી રહે છે તે લોકોને સમજાવવા આ કામગીરી થઇ છે. આગામી

● અનુસંધાન પાના ૫ ઉપર



(તસવીર : ધનેશ પારેખ)

નવસારી જિલ્લામાં આરોગ્ય અધિકારી ડો.કન્નરની આગેવાનીમાં

● અનુસંધાન પાના ૫ ઉપર

## પોલિયો રસીકરણની સાથે સાથે બાળકના આધારકાર્ડ બનાવવાનું અભિયાનમાં વધુ એક રેકોર્ડ ઉબ્ધ કરાવાયો : કલેક્ટર રવિ અરોરાની સિદ્ધિ

# બીલીમોરામાં 4300 જેટલા બાળકોને પોલિયો પીવડાવાયો

ભાસ્કર ન્યૂઝ | બીલીમોરા

બીલીમોરા ખાતે ભારત સરકારના પોલીયો નાબૂદી કાર્યક્રમ અંતર્ગત અલગ અલગ 22 બૂથો ઉપરથી 4300 જેટલા 0થી 5 વર્ષના બાળકોને પોલીયો રસી પીવડાવવામાં આવી હતી.

ભારત સરકારના પોલીયો મુક્ત ભારતના કાર્યક્રમ હેઠળ ભારત દેશમાં પોલીયોને ડામવા માટે ભારે સફળતા પ્રાપ્ત કરી છે. જે અંતર્ગત રવિવારે ચાલો ગુજરાતને પોલીયો મુક્ત બનાવીએ કાર્યક્રમ હેઠળ બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે પોલીયો રસીકરણનો કાર્યક્રમ યોજાયો હતો. ડો. કન્નર તથા ડો. જૈન માર્ગદર્શન હેઠળ બીલીમોરા અર્બન હેલ્થ સેન્ટરના ડો. ગઢવીએ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું. બીલીમોરા પ્રજ્ઞેશભાઈ પટેલ, મનિષાબેન ઉપસ્થિત રહ્યા હતા. બીલીમોરામાં અલગ અલગ કુલ 22 પોલીયો બૂથ ઉપરથી 4300 જેટલા બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. પોલીયો કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે બૂથ ઉપરથી પોલીયો રસી પીવડાવવામાં આવી હતી તેમજ બીજા દિવસે ઘરે ઘરે ફરીને તેમજ કામદાર વર્ગના રહેણાંક વિસ્તારો, કન્સ્ટ્રક્શન સાઈટ, ઈંટના ભઠ્ઠા વગેરે સ્થળોએ જ્યાં બાળકો હોય ત્યાં જઈ ફરી ફરીને પોલીયો રસી પીવડાવાશે. કાર્યક્રમમાં આરોગ્ય ખાતાના કર્મચારી ભાવિનભાઈ, દિવ્યાબેન, યામિની, બી.સી.સિંઘા તથા આરોગ્ય કર્મીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. બીલીમોરા તલોધ ગણદેવી રોડ ઉપર ગણદેવી તા.પં. પ્રમુખ પ્રથમેશભાઈ વશી તેમના બાળકને પોલીયો રસી પીવવવાઈ હતી.




નાબુદી અભિયાન
૦૨/૦૪/૨૦૧૭ ને રવિવાર
૫ વર્ષના તમામ બાળકોને
રસીના બે ટીપા અવશ્ય
ઉદ્ઘાટક
શ્રી આર. સી. પટેલ
દંડકશ્રી, ગુજરાત સરકાર
મુખ્ય મહેમાન
દિનેશભાઈ આર
તાલુકા હેલ્થ